પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૮૮ | ૮ જુન, ૨૦૧૯, શનિવાર; જયેષ્ઠ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પુલવામામાં ચાર આતંકવાદી ઠાર

**લાંબી અથડામણ બાદ સુરક્ષા દળોને સફળતા : ઠાર કરાયેલ ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં શસ્ત્રો અને વિસ્ફોટકનો જથ્થો જપ્ત : બે જવાન શહીદ**



શ્રીનગર, તા. ૭

જમ્મુ કાશ્મીરમાં પુલવામાના લસ્સીપોરામાં ગુરૂવારે મોડી રાત્રે શરૂ થયેલી અથડામણમો હવે અંત આવ્યો છે. આ અથડામણમાં ચાર ત્રાસવાદીઓ માર્યા ગયા છે. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો છે. જેમાં ત્રણ એકે રાઈફલનો સમાવેશ થાય છે. ત્રાસવાદીઓ હજુ પણ પુલવામા અને તેની આસપાસના વિસ્તારોમાં છુપાયેલા છે. જે વારંવાર પરિસ્થિતીનો લાભ ઉઠાવીને હુમલાના પ્રયાસ કરે છે. બીજી બાજુ અનંતનાગ જિલ્લામાં ઈદ મનાવવા માટે આવેલા ટેરિટોરિયલ આર્મીના એક જવાનની ત્રાસવાદીઓએ ગોળી મારીને હત્યા કરી દીધી છે. ઈન્ટેલિજન્સ બાતમી મળ્યા બાદ સેનાની ૪૪ રાષ્ટ્રીય રાઈફલે જમ્મુ કાશ્મીર પોલીસ સ્પેશિયલ ઓપરેસન ગ્રુપ અને સીઆરપીએફની સાથે મળીને પુલવામા ખાતે લસ્સીપોરા ખાતે

શોધખોળ અભિયાન શરૂ કરતા પંજારણ વિસ્તારમાં ત્રાસવાદીઓએ સેનાના જવાનો પર ગોળીબાર કરી દીધો હતો. ત્યારબાદ છુપાયેલા ત્રાસવાદીઓને ચારેબાજુથી ઘેરી લઈને કાર્યવાહી શરૂ કરી હતી. લાંબા સમય સુધી અથડામણ ચાલ્યા બાદ ચાર ત્રાસવાદીઓ માર્યા ગયેલા હતા. માર્યા ગયેલા ત્રાસવાદીની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકો કબજે કરવામાં આવ્યા હતા. આ વિસ્તારમાં વધુ કેટલાક ત્રાસવાદીઓ હોઈ શકે છે જેમની સામે કાર્યવાહી ચાલી રહી છે. દરમિયાન સેનાની ટેરિટોરિયલ આર્મીમા તૈનાત જવાન મંજુર અહેમદ બેગની ત્રાસવાદીઓ દ્વારા ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. ત્રાસવાદીઓએ છુપી

● અનુસંધાન પાન-૭ પર

## જગનમોહન રેડ્ડી કેબિનેટમાં પાંચ નાયબ મુખ્યમંત્રી રહેશે

**પાંચ નાયબ મુખ્યમંત્રી રાખનાર આંધ્ર પ્રથમ રાજ્ય : તમામ મોટા સમુદાયમાંથી એક એકને નાયબ મુખ્યમંત્રી બનાવાશે**



અમરાવતી, તા. ૭

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડીએ રાજ્યમાં એકના બદલે પાંચ નાયબ મુખ્યમંત્રી રાખવાનો નિર્ણય કર્યો છે. હજુ સુધી દેશના કોઈ પણ રાજ્યમાં આ પ્રકારની વ્યવસ્થા અગાઉ અમલી કરવામાં આવી ન હતી. રેડ્ડી મંત્રીમંડળમાં અનુસુચિત જાતિ, જનજાતિ, પછાત વર્ગ, લઘુમતિ અને કાપુ સમુદાયમાંથી એક એક નાયબ મુખ્યમંત્રી રહેશે. આજે પાર્ટીના ધારાસભ્યોની બેઠક બાદ તેઓએ આ મુજબની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રી કેમ્પ ઓફિસમાં તમામ ચુંટાયેલા ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. બેઠકને સંબોધતા જગનમોહન રેડ્ડીએ કહ્યું હતું કે, નવા મંત્રીઓને લોકોની ભાવનાઓ ધ્યાનમાં લઈને પસંદ કરશે. તેમણે કહ્યું છે કે, ૨૫ સભ્યોની મંત્રીપરિષદની શપથવિધિ શનિવારના દિવસે થશે. રેડ્ડીના આ નિર્ણય બાદ પાર્ટીના ધારાસભ્યોએ ખુશી વ્યક્ત કરી છે. જગનમોહન ભારતના હજુ સુધીના સૌથી સારા મુખ્યમંત્રી તરીકે સાબિત થશે.

## ધોનીના ગ્લવ્સને મામલે આઈસીસીને વાંધો : બીસીસીઆઈનું સમર્થન

નવી દિલ્હી,તા. ૭

ભારતીય ક્રિકેટ ટીમના દિગ્ગજ વિકેટકિપર બેટ્સમેન મહેન્દ્ર સિંહ ધોનીના ગ્લવ્સ લઈને છે. વિશ્વકપમાં ભારતની પ્રથમ મેચ દક્ષિણ આફ્રિકા સામે રમાઈ હતી. આ મેચ દરમિયાન ધોનીએ ભારતીય સેનાના બલિદાનના બેઝ ઉઠાવવામાં આવ્યો છે અને ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડને આ લોગોવાળા ગ્લવ્સ ન પહેરવા ધોનીને આદેશ કરવા સૂચના આપી બાજુ બીસીસીઆઈ દ્વારા આ માંમાલામાં ધોનીનું સમર્થન કર્યું છે. એટલુ જ નહીં બલકે બીસીસીઆઈ દ્વારા આઈસીસીને

**તમામ દિગ્ગજ ખેલાડીઓ અને ક્રિકેટ બોર્ડનું ધોનીને સમર્થન : ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા આઈસીસીને પત્ર : ધોનીને ગ્લવ્સ ઉપરથી સેનાના બલિદાનના બેઝને દુર કરવા આઈસીસીનું સુચન : નિયમોને લઈ પણ હોબાળો**

આઈસીસીએ વાંધો ઉઠાવ્યા બાદ દેશભરમાં જોરદાર ચર્ચા છેડાઈ ગઈ છે. ધોનીના ગ્લવ્સ ઉપર ભારતીય સેનાના બલિદાન બેઝના લોગોને લઈને આ હોબાળો થયો ધરાવતા લોગોવાળા ગ્લવ્સ સાથે વિકેટકિપિંગ કરી હતી. ધોનીને ગ્લવ્સ પર સેનાના બલિદાનના બેઝનો લોગો બનેલો હતો. આના ઉપર આઈસીસી દ્વારા વાંધો છે. આઈસીસીનું કહેવુ છે કે, નિયમો મુજબ કોઈ પણ અન્ય પ્રતિકવાળી ચીજોને મેદાન ઉપર લાવી શકાય નહીં. સાથે સાથે પહેરી પણ શકાય નહી. બીજી પત્ર લખીને આ સંદર્ભમાં રજુઆત કરી છે. બીસીસીઆઈની વહીવટી સમિતિના અધ્યક્ષ વિનોદ રાયના કહેવા મુજબ આ મુદ્દા પર

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

**દુબઈમાં બસ દૂર્ઘટનામાં ૧૨ ભારતીય સહિત ૧૭નાં મોત**

દુબઈમાં એક બસ દૂર્ઘટનામાં ૧૨ ભારતીયોના મોત થઈ ગયા છે. દૂબઈ સ્થિત ભારતીય કોન્સ્યુલેટ તરફથી આ સમાચારની પુષ્ટિ કરવામાં આવી છે. વિદેશ મંત્રાલયે માહિતી આપી છે કે તે સતત મૃતકોને પરિવારવાળા સાથે સંપર્કમાં છે.

**આગામી ૧૬ જૂનથી કાર અને ટૂ-વ્હીલર્સ ઇન્શ્યોરન્સમાં વધારો થશે**

આગામી ૧૬ જૂનથી કાર્સ અને ટૂ-વ્હીલર્સ ઈન્શ્યોરન્સનો ખર્ચ વધશે કેમ કે વીમા નિયમનકાર ઈરડાઈએ વાહનોની ચોકકસ કેટેગરીમાં ફરજિયાત થર્ડ પાર્ટી મોટર ઈન્શ્યોરન્સમાં ૨૧ ટકા સુધીનો વધારો કર્યો છે. સામાન્ય રીતે ફરજિયાત ટીપી ઈન્શ્યોરન્સ કવરના દરમાં પહેલી એપ્રિલથી સુધારો થતો હોય છે.

## મમતાએ બંગાળમાં ભાજપના વિજય સરઘસ પર પ્રતિબંધ મૂક્યો

**કોઈ હિંસા ફેલાવવાનું કામ કરશે તો પોલીસ કાયદા પ્રમાણે કડક હાથે કામ કરશે : મમતા બેનરજી**

કોલકાત્તા,તા.૭

ભાજપ ઉપર પશ્ચિમ બંગાળમાં હિંસા ભડકાવવાનો આરોપ મૂકતા મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યુ કે હવેથી રાજ્યમાં ભાજપના વિજય જૂલુસને પરવાનગી નહીં આપવામાં આવે. તેમણે કહ્યું કે પોલીસને સૂચના આપવામાં આવી છે કે આ આદેશનું ઉલ્લંઘન કરનારાઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે.



નોર્થ ૨૪ પરગના જિલ્લાના નિમતામાં માર્યા ગયેલા તૃણમુલ કોંગ્રેસના નેતાના ઘરે પહોંચેલા મમતા બેનરજીએ કહ્યું કે તેમની પાસે એવી માહિતી છે કે ભાજપે વિજય સરઘસના નામે હુગલી, બાંકુરા, પુરુલિયા અને મિદનાપુર જિલ્લાઓમાં અવ્યવસ્થા ફેલાવી છે.

મમતા બેનરજીએ કહ્યું કે હવેથી એક પણ સરઘસ ન નીકળવું જોઈએ કારણ કે લોકસભાની ચૂંટણીના પરિણામ આવ્યાને દસ દિવસ કરતા વધારે સમય થઈ ગયો છે. તેમણે કહ્યું કે હવે જો કોઈ નેતા રાજ્યમાં હુલ્લડ જેવી સ્થિતિ પેદા કરવાની કોશિશ કરશે તો પોલીસ કાયદા પ્રમાણે કાર્યવાહી કરશે.

## ઉત્તર પ્રદેશમાં વાવાઝોડા સાથે વરસાદ

**મોડી રાત્રે આંધી અને વરસાદ : દુર્ઘટનાઓ અને વીજળી પડવાનાં કારણે ૧૯નાં મોત થયા : ૪૮ ઘાયલ**

લખનૌ,તા.૭

ઉત્તરપ્રદેશમાં ગઈ કાલે મોડી રાત્રે આંધી અને વરસાદનાં કારણે થયેલી દુર્ઘટનાઓ અને વીજળી પડવાનાં કારણે ૧૯ લોકોનાં મોત થયા છે જ્યારે ૪૮ લોકો ઘાયલ થયા છે. તેમાં મૈનપુરીનાં છ, એટા અને કાસગંજનાં ત્રણ-ત્રણ, મુરાદાબાદ, મહોબા, હમીરપુર, ફર્રુખાબાદ, બદાયુંના એક-એક લોકોનો સમાવેશ થાય છે. આખો દિવસ સખત ગરમી પડ્યાં બાદ સાંજે સાત વાગ્યાથી હવામાન ઓચિંતું પલટાઈ ગયું હતું.

ફિરોઝાબાદ, જાલૌન સહિતનાં અનેક સ્થળઓએ આંધી અને વરસાદ સાથે કરાં પણ પડ્યાં હતાં. કેટલાક સ્થળોએ વીજળીનાં થાંભલા પડી જવાથી અંધારપટ છવાયો હતો. વિવિધ જગ્યાએ બનેલી દુર્ઘટનાઓમાં ૫૦થી વધુ લોકોને ગંભીર ઈજાઓ પણ થઈ છે. યુપીનાં મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે જણાવ્યું છે કે, સંકટનાં આ સમયમાં રાજ્ય સરકાર પીડિત પરિવારોની સાથે છે. તેમણે જિલ્લાધિકારીઓને તાત્કાલિક ધોરણે પ્રભાવિત લોકોને મદદ કરવાના આદેશ આપ્યાં છે.

યુપી સરકારે મૃતકોનાં પરિવારોને ચાર-ચાર લાખ રૂપિયાની સલાહ આપવાની જાહેરાત પણ કરી છે. ૨૪ કલાકની અંદર જ પીડિત પરિવારોને સહાય મળી રહે તે જોવાનું મુખ્યપ્રધાને જણાવ્યું છે. ખાસ કરીને પશ્ચિમી ઉત્તરપ્રદેશના વિભિન્ન જિલ્લાઓમાં કરાં પડવાથી ભારે નુકસાન થયું છે. હજુ પણ જો કે પૂર્વ અને મધ્ય ઉત્તરપ્રદેશમાં હવામાન ગરમ જ છે અને ત્યાંના લોકોને ગરમીમાં રાહત મળી નથી. ઝાંસી ૪૭ ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ગરમ શહેર રહ્યું હતું.

ગઈ કાલે સાંજથી જ બહરાઈચ, શ્રીવસ્તી, બારાબંકી અને ગોન્ડા જિલ્લામાં અચાનક વરસાદી વાતાવરણ થઈ ગયું હતું. તોફાની પવન સાથે વરસાદ શરૂ થતાં લોકોની પરેશાનીમાં વધારો થયો હતો. આંધીના કારણે કેરીના પાકને ભારે નુકસાન થયું હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે. જે ખેડૂતોનાં પાકને ૩૩ ટકા કરતા વધુ નુકસાન થયું હોય તેમને કૃષિ સહાય આપવામાં આવશે.

૪૮ કલાકની અંદર ખેડુતોનો સર્વે કરી તમામ વિગતો આપવા અધિકારીઓને આદેશ આપવામાં આવ્યા છે. સીએમ યોગી આદિત્યનાથે જમાવ્યું છે કે, રાહત કાર્યોમાં કોઈ પણ પ્રકારની બેદરકારી કે ઢીલ ચલાવી લેવામાં આવશે નહીં. જો કોઈ અધિકારી આ માટે કસૂરવાર સાબિત થશે તો તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. દેશભરનાં અનેક વિસ્તારોમાં ભીષણ ગરમી અને લૂનો કહેર જારી છે ત્યારે હિમાચલપ્રદેશ સહિતનાં કેટલાંક સ્થળોએ હળવો વરસાદ પણ થયો હતો.



## પતિના પગારનુ એક તૃતિયાંશ ભથ્થુ પત્નિને આપવા આદેશ

નવી દિલ્હી,તા. ૭

દિલ્હી હાઈકોર્ટે મહત્વપૂર્ણ તારણ આપતા કહ્યુ છે કે પતિના કુલ પગારના એક તૃતિયાંશ હિસ્સાને પત્નિને ભથ્થા તરીકે આપવામાં આવે તે જરૂરી છે. કોર્ટે કહ્યુ છે કે આવકની વહેંચણીની ફોર્મ્યુલા નક્કી કરવામાં આવેલી છે. જે હેઠળ નિયમ એ છે કે જો કોઈ અન્ય નિર્ભર નથી તો પતિના કુલ પગારના બે હિસ્સા પતિની પાસે અને અન્ય એક હિસ્સો પત્નિને આપવામાં આવે તે જરૂરી છે. કોર્ટે અરજી કરનાર મહિલાઓની રજૂઆત સાંભળ્યા બાદ આ ચુકાદો આપ્યો હતો.કોર્ટે ચુકાદો આપતા કહ્યુ હતુ કે મહિલાને પતિના પગારનો ૩૦ ટકા હિસ્સો મળે તે જરૂરી છે. મહિલાના લગ્ન સાતમી મે ૨૦૦૬ના દિવસે થયા હતા. તેના પતિ સીઆઈએસએફમાં ઈન્સ્પેક્ટર છે. ૧૫મી ઓક્ટોબર ૨૦૦૬ના દિવસે બંને અલગ થઈ ગયા હતા. ત્યારબાદ મહિલાએ ગુજરાન ભથ્થા માટે અરજી કરી હતી. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૦૮ના દિવસે મહિલાના ગુજારા ભથ્થા નક્કી કરવામાં આવ્યા હતા.

આ હેઠળ તેના પતિને નિર્દેશ આપવામાં આવ્યા હતા કે તે કુલ પગાલ પૈકી ૩૦ ટકા હિસ્સો પત્નિને ચુકવે. આ ચુકાદાને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જેની દુરગામી અસર થઈ શકે છે. દિલ્હી હાઈકોર્ટના આ ચુકાદા બાદ તેની ચર્ચા તમામ લોકોમાં જોવા મળી રહી છે. પૈસાની વહેંચણીની ફોર્મ્યુલા પહેલાથી જ નક્કી કરવામાં આવેલી છે.

## પ્રથમ સત્રમાં ૧૦ અધિનિયમોને કાયદામાં ફેરવવાની તૈયારીમાં મોદી સરકાર

**આ કાયદામાં તીન તલાક, કંપની અધ્યાદેશ, ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલ અધ્યાદેશનો સમાવેશ**

ન્યુ દિલ્હી,તા.૭

કેન્દ્રની સત્તામાં પુનરાગમન કર્યા બાદ નરેન્દ્ર મોદી સરકાર હવે ત્રણ તલાક સહિત ૧૦ અધ્યાદેશોને કાયદો બનાવવાની તૈયારીમાં છે. સરકાર દ્વારા ૧૭મી લોકસભાના પ્રથમ સત્રમાં ત્રણ તલાક સહિત ૧૦ અધ્યાદેશને કાયદો બનાવવાની કવાયત હાથ ધરાશે.

આ અધ્યાદેશ આ વર્ષે ફેબ્રુઆરી માર્ચમાં જાહેર કરવામાં આવ્યાં હતાં. જો ૪૫ દિવસની અંદર આ અધ્યાદેશોને કાયદો નહીં બનાવવામાં આવે તો પછી આ અધ્યાદેશોને ફરી રજૂ કરવા પડશે. ત્રણ તલાક સિવાય જે અધ્યાદેશોને કાયદો બનાવવાની તૈયારી છે તેમાં ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ અધ્યાદેશ, કંપની અધ્યાદેશ, અને અનિયોજિત જમા યોજના પર પ્રતિબંધનો અધ્યાદેશ, આધાર અને અન્ય અધ્યાદેશ, નવી દિલ્હી ઈન્ટરનેશનલ આર્બિટ્રેશન સેન્ટર અધ્યાદેશ, હોમિયોપેથી સેન્ટ્રલ કાઉન્સિલ અધ્યાદેશ, સ્પેશિયલ ઈકોનોમિક ઝોન અધ્યાદેશ અને કેન્દ્રીય શૈક્ષણિક સંસ્થાન અધ્યાદેશનો સમાવેશ થાય છે. આમાં ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ અધ્યાદેશમાં એક કમિટીને મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને સંચાલિત કરવાની અનુમતિ હશે.

લોકસભા ચૂંટણી બાદ ૧૭મી લોકસભાનું પ્રથમ સત્ર ૧૭ જૂનથી શરુ થઈ રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

## વિસનગરા નાગર બેસણું (સરઢવ)



**અમારા પ.પૂજ્ય માતૃશ્રી ગં. સ્વ. કૈલાસબેન ડાહ્યાલાલ રાવલ (ગામ : સરઢવ, હાલ ગાંધીનગર નિવાસી) તા. ૫-૬-૨૦૧૯ના બુધવારે સ્વર્ગવાસ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૯-૬-૨૦૧૯ને રવિવારે સવારે ૯ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.**

**સ્થળ : સૌરાષ્ટ્ર પટેલ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર**

લિ.

| | |
|---|---|
| સ્વ. કીર્તિકુમાર ડાહ્યાલાલ રાવલ | ગં. સ્વ. રેણુકાબેન કીર્તિકુમાર રાવલ |
| મહેશકુમાર ડાહ્યાલાલ રાવલ | અંજનાબેન મહેશકુમાર રાવલ |
| વિજયકુમાર ડાહ્યાલાલ રાવલ | ભાવનાબેન વિજયકુમાર રાવલ |
| પ્રકાશચંદ્ર નવીનચંદ્ર ભટ્ટ | દિવ્યાબેન પ્રકાશચંદ્ર ભટ્ટ |
| અશ્વિનકુમાર નર્મદાશંકર રાવલ | સુનેયનાબેન અશ્વિનકુમાર રાવલ |

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
- દિલીપકુમાર શશીકાંત મણીલાલ પંડ્યા (ઊંઝાવાળા)

નોંધ : ઉત્તરક્રિયાની વિધિ તા. ૧૪-૬-૨૦૧૯ શુક્રવારે પ્લોટ નં. ૧૨૨૨/૨, સેક્ટર-૭/ડી, ગાંધીનગરે રાખેલ છે.